# સત્સંગ બાલવાટિકા

**સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)**

### ભગવાન ભક્તવત્સલ છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

એકવાર ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન કચ્છના ગામ આધોઈમાં ભક્તરાજ રાયધણજીને ત્યાં પધાર્યા હતા ત્યારની આ વાત છે.

રાયધણજી ભક્ત અને કરણીબા એ આ ગામના આગેવાન હરિભક્તો. આધોઈમાં સત્સંગ બહુ સારો. આ ભક્તો રામાનંદ સ્વામીના શિષ્ય હતા. પછીથી નિષ્કુળાનંદ સ્વામીએ ગામમાં સત્સંગ કરાવેલો. ભગવાન આધોઈ પધાર્યા છે. કરણીબા કહે છે, મહારાજ બિરાજો. મહારાજ કહે - ‘‘બિરાજવાનું પછી, છેક ભચાઉથી અડવાણા પગે ચાલતા આવીએ છીએ. એટલે ભૂખ બહુ લાગી છે.’’ મહારાજ હમણાં જ થાળની વ્યવસ્થા કરી દઉં. ના, બહુ ભૂખ લાગી છે. એક ક્ષણ પણ નહીં રહેવાય. ઘરમાં તૈયાર હોય એ લાવો. બનાવવાની વાત પછી. એકવાર હાજર હોય એ હજૂરમાં લાવો. મહારાજ ! તૈયારમાં તો દહીં છે, બીજું કાંઈ નથી. સારૃ તો દહીં લાવો.

મહારાજ કહે, લાવો જલ્દી લાવો. દહીંના ગોરસાં તૈયાર છે. મહારાજ આજે એવા ભૂખ્યા થયા છે ! જાણે રહેવાતું જ ન હોય. આ શાની ભૂખ હશે ! ભક્તની ભાવનાની ભૂખ હતી. દહીંનું ગોરસું પાસે મૂક્યું. એટલે શ્રીજીમહારાજે રાહ ન જોઈ કે વાટકી લાવો કે ચમચી લાવો. સીધો હાથ નાંખ્યો દહીંના ગોરસામાં.

વ્યાપકેશ મુનિ કહે છે કે આ હાથ નાંખ્યો એટલે આ કઈ લીલી કરી. તો કહે છે, પૂર્વાવતાર એટલે કે શ્રીકૃષ્ણાવતારમાં ભગવાન દહીંને માખણ આરોગતી વખતે ચમચી નહોતા વાપરતા. ભાગવતમાં એવું ક્યાંય લખ્યું નથી.

અહીં આગળ સ્વામિનારાયણ ભગવાન પણ આજે એવી રીતે દહીં આરોગવા માંડ્યા. જમતા જાય છે અને પ્રશંસા કરતા જાય છે. દહીં બહુ સારૃં છે. એક ગોરસું (માટીની નાની મટુકી) ખાલી કરી નાંખ્યું. બીજું ખાલી કરી નાંખ્યું. ત્રીજું ગોરસું ચાલુ કર્યું અને એ અડધું પુરૃં કર્યું. મહારાજ આ રીતે દહીં જમતા હોય એ લીલા ચરિત્રો કેવાં સુંદર છે, સાંભળતા કે વાંચતા એમ થાય કે વૈજ્ઞાનિકો વહેલા જન્મયા હોત અને વિડિયો કેમેરા હોત તો આજે આપણને કેવો આનંદ થાત ! આ લીલાના પ્રત્યક્ષ દર્શન કરત પણ એ બધા સો વરસ મોડા જન્મયા.

દહીંના ગોરસાં ખાલી કરી શ્રીજીમહારાજ કરણીબાને કહે છે, હવે થાળ બને એટલી વાર ટેકો થઈ ગયો. હવે વાંધો નથી. હવે થાળ શાંતિથી બનાવો. હવે અડધો કલાક વાંધો નહી આવે. ત્યાં સુધી ચાલશે.

શ્રીજીમહારાજ કરણીબાને નિષ્કામી, નિર્મળ મનવાળા અને પવિત્ર જાણીને કહે છે. કરણીબા ! અમારા પગમાં તો જુઓ, શું ખૂંચે છે ? અને કરણીબાએ મહારાજના ચરણ સામે જોયું. તરત જ હાથમાં સાધન લીધું ને કાંટા કાઢવા લાગ્યા. મહારાજ ! તમારા ચરણોમાં તો બહુ કાંટા વાગ્યા છે. કેટલાં કાંટા વાગ્યા હશે જાણો છો? અહીં સત્સંગિભૂષણમાં ચોખ્ખો આંકડો લખ્યો છે - અઢાર કાંટા. એ કેવા કાંટા ! કાંટા બે રીતે વાગે એ બધાને અનુભવ ન હોય. એક તો, કાંટો વાગે અને દેખાતો હોય એતો ખેંચીને લઈ લેવાય. પણ બીજી રીતે કાંટો વાગે પછી અંદર તૂટી જાય. ભાંગી જાય એ અણીદાર સાધનથી કાઢવો પડે. એટલે શ્રીજીમહારાજને અઢાર કાંટા વાગેલા અને બધા કાંટા અંદર ભાંગી ગયેલા. કરણીબાએ કાંટા કાઢવાનું અણીદાર સાધન લઈ અને અઢાર કાંટા ભગવાનના ચરણમાંથી કાઢ્યાં. આટલા બધા કાંટા વાગ્યા કારણ કે મોજડીઓ એક ભૂદેવને ભેટ આપી દીધેલી. અડવાણા પગે ભચાઉથી છેક આધોઈ પધાર્યા. આટલા બધા કાંટા પ્રભુને વાગ્યા કોના માટે ? આ શા માટે ? ભક્તવત્સલ ભગવાન આ રીતે કૃપા કરી ગામોગામ વિચરણ કરે છે. એ ભક્તોના સુખ માટે.

મિત્રો ! બસ આપણે તો કંઈજ કરવાનું નથી. ફક્ત ને ફક્ત એ ભગવાનનું ભજન કરવાનું છે. જો આપણે

ભગવાનને ભૂલશું નહી તો ભગવાન આપણને ભૂલશે નહીં. કરણીબાની જેમ જીવનમાં ભક્તિનિષ્ઠા, પ્રેમનિષ્ઠા જો કેળવાય તો ભગવાન સામે ચાલીને આપણી સેવાનો સ્વીકાર કરવા પધારે છે. એ વાત કરણીબાની આ કથા વાંચવાથી સિધ્ધ થાય છે.

●

## સર્વત્ર સદ્‌ગુણ પૂજાય છે

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

માણસ સદ્‌ગુણથી આદરપાત્ર બને છે. માણસની મહાનતાનું માપ તેના સદ્‌ગુણો છે. રૂપરંગ નહિ.

એક રાજ્યમાં કોષાધ્યક્ષની નિમણુંક કરવાની હતી. તે માટે યોગ્ય માણસ શોધવાનું કામ પ્રધાનશ્રીને સોંપવામાં આવ્યું. થોડાજ દિવસોમાં તેણે બાહોશ, નિષ્ણાંત, પ્રમાણિક માણસને પસંદ કરીને રાજાની પાસે હાજર કર્યો.

રાજાએ તેનો ઈન્ટરવ્યુ લીધો. જાતજાતના અટપટા પ્રશ્નો પૂછીને ચકાસણી કરી. ખરેખર આ માણસ કોષાધ્યક્ષ ના સ્થાન માટે લાયક હતો. પરંતુ એક ખામી ઉડીને આંખે વળગે તેવી સામે આવી.

દિવાને પસંદ કરેલો તે માણસ ચહેરાથી કદરૂપો હતો. મહારાજાએ દિવાનને કહ્યું, મારે તો વારંવાર કોષાધ્યક્ષને મળવું પડે. તેની સાથે વાર્તા-ચર્ચા કરવાના પ્રસંગો આવ્યા જ કરે અને તેનો કદરૂપો ચહેરો મારે જોવો પડે જે મને જરાપણ ગમતું નથી. માટે આ માણસની નિમણુંક અંગે આવતી કાલે વિચારણા કરીશું.

બીજા દિવસે કચેરીમાં સભા ભરાઈ. ઉનાળાના દિવસો હતા. સખત ગરમી પડતી હતી. તરસ લાગવાથી રાજાએ જળ મંગાવ્યું. દિવાને સોનાના કળશમાંથીપાણી આપ્યું રાજા કહે આ પાણી તો ગરમ છે. બીજું લાવો. દીવાને કર્મચારીને આજ્ઞા કરી ચાંદીના પાત્રમાંથી જળ લાવો. એ પાણી પણ ઉનાળાની ગરમીથી હુંફાળું હતું. રાજાએ અકળાઈને હુકમ કર્યો. માટીના ઘડામાંથી ભરેલું શિતળ જળ જલ્દી લાવો.

દિવાને કહ્યું નામદાર ! એ માટીનો ઘડો સોના, ચાંદીના ઘડા જેવો રૂપાળો નથી. માટે તમને સોના, ચાંદીના પાત્રમાંથી જળ આપ્યું હતું.

દિવાનના જવાબથી રાજા બધું રહસ્ય પામી ગયો. અને કદરૂપા દેખાતા તે માણસના સદ્‌ગુણોને મહત્વ આપી કોષાધ્યક્ષ તરીકે નીમી દીધો.

મિત્રો જીવનમાં સુખી થવું હોય, પસંદગીના ક્ષેત્રે પ્રગતિ કરવી હોય તો સદ્‌ગુણને મહત્વ આપજો. એટલું જ નહીં. જીવનમાં સદ્‌ગુણો અપનાવજો. અને ''ગુણગ્રાહી જનાર્દન'' એ સંસ્કૃત ઉક્તિ પ્રમાણે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને સદાય સદ્‌ગુણને અને સદ્‌ગુણીને જ મહત્વ આપ્યું છે. એ બાબત કાયમ યાદ રાખજો.